# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભમાં ઊભરતા ભારતની ચેતનાના દર્શન થયા હતા.
2) વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે નિષ્પક્ષ અને મજબૂત આંતર-રાષ્ટ્રીય વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મુક્યો.
3) મુખ્ય ચૂંટણી અધિકારી જ્ઞાનેશ કુમાર આજે ગૃહ મંત્રાલય, કાયદા વિભાગના સચિવો તેમ જ U.I.D.A.I.ના મુખ્ય કાર્યકારી અધિકારી સાથે બેઠક યોજશે.
4) ગાઝા પટ્ટી પર ઇઝરાયલી હવાઈ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત 200થી વધુ પેલેસ્ટિનિયનના મોત.
5) અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર આજે રાત્રે પૃથ્વી પર પરત ફરશે.

.............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM LS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભમાં ઊભરતા ભારતની ચેતના જોવા મળી હતી અને સમગ્ર વિશ્વએ ભારતની તાકાતને જોઇ. તેમણે જણાવ્યું કે, અનેકતામાં એકતા એ ભારતની વિશેષતા છે.

લોકસભામાં નિવેદન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, જ્યારે સમગ્ર વિશ્વ પડકારજનક સમયમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એકતાનું આ ભવ્ય પ્રદર્શન દેશની સૌથી મોટી તાકાત છે. તેમણે જળસંચયનાં મહત્વ પર ભાર મૂક્યો હતો અને મહાકુંભ પરથી પ્રેરણા લઈને નદી ઉત્સવનું વિસ્તરણ કરવાની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

# IRELAND - INDIA

આયર્લેન્ડના ઉચ્ચ અને ઉચ્ચ શિક્ષણ, સંશોધન, નવીનીકરણ અને વિજ્ઞાન મંત્રી જેમ્સ લોલેસે ભારતીય વિશ્વ વિદ્યાલયો અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સહકાર સાધવામાં રસ દાખવ્યો છે. બંને દેશ વચ્ચે અભ્યાસ પછીના વિકલ્પોના વિસ્તૃતિકરણ અને સંશોધન સહકારને પ્રોત્સાહન આપવાની પણ આર્યલેન્ડે ઇચ્છા દર્શાવી હતી.

શ્રી લોલેસ હાલમાં દ્વિપક્ષીય સહકારને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે નવી દિલ્હી, મુંબઈ અને ચેન્નઈમાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમણે નવીનતા, સંશોધન અને વિકાસ અને ઉભરતી તકનિકમાં, ખાસ કરીને મેડટેક, ફિનટેક, કૃત્રિમ બુદ્ધિમતા - એઆઈ અને જીવન વિજ્ઞાનમાં, ભારતીય કંપનીઓ સાથે આયર્લેન્ડની વધતી ભાગીદારી પર પ્રકાશ પાડ્યો. બંને દેશ વચ્ચે ઉચ્ચ શિક્ષણ, ટેક્નોલૉજી અને વ્યવસાયના ક્ષેત્રે સહકારની અપાર સંભાવના રહી હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

## JAISHANKAR RAISINA DIALOGUE

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે નિષ્પક્ષ અને મજબૂત આંતર-રાષ્ટ્રીય વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મુક્યો છે. નવી દિલ્હીમાં આજે રાયસીના સંવાદના એક સત્રમાં સંબોધિત કરતાં તેમણે કહ્યું, એક મજબૂત વૈશ્વિક વ્યવસ્થાનો અભાવ એ માત્ર શક્તિશાળી દેશોને તો લાભ પહોંચાડે જ છે, પરંતુ નાના દેશોને જોખમ ઉઠાવવા અને સ્થાપિત ધોરણોને પડકાર આપવામાં પણ સક્ષમ બનાવે છે.

શ્રી જયશંકરે કાશ્મીર પર પાકિસ્તાનના ગેરકાયદે કબજા પર વાત કરતા ભારતનું સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે આ મુદ્દાને પહોંચવામાં સંયુક્ત રાષ્ટ્રની ભૂમિકાની ટીકા કરી. તેમ જ બ્રિટન, કેનેડા અને અમેરિકા જેવા દેશની ભૂમિકા પર પણ સવાલ

ઉઠાવ્યો. શ્રી જયશંકરે કહ્યું, શરૂઆતમાં પાકિસ્તાનના આક્રમણને સ્વીકારવાની જગ્યાએ તેને વિવાદ તરીકે રજૂ કરાયું છે.

## CEC MEET EPIC AADHAR

મુખ્ય ચૂંટણી અધિકારી જ્ઞાનેશ કુમાર આજે નવી દિલ્હીમાં ગૃહ મંત્રાલય અને કાયદા વિભાગના સચિવો તેમ જ ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળ U.I.D.A.I.ના મુખ્ય કાર્યકારી અધિકારી સાથે બેઠક યોજશે. દરમિયાન આધાર નંબરને મતદાર ઓળખપત્ર સાથે જોડવા અંગે ચર્ચા કરાશે.

આ બધાની વચ્ચે ચૂંટણી પંચે પણ લાંબા સમયથી ચાલતા આવતા ચૂંટણી સંબંધિત પડકારોને પહોંચી વળવા અનેક પગલાં ઉઠાવ્યા છે, જેમાં આગામી ત્રણ મહિનામાં નકલી મતદાર ઓળખપત્રના મુદ્દાનો ઉકેલ લાવવા અને ચૂંટણી એજન્ટોને તેમની મહત્વની ભૂમિકાઓ અંગે તાલીમ આપવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મતદાન મથકો પર લાંબી કતાર ઘટાડવા ચૂંટણી પંચે એવી પણ જાહેરાત કરી છે કે ભવિષ્યમાં કોઈ પણ મતદાનમથક પર એક હજાર 200થી વધુ મતદારો નહીં હોય.

## BIHAR ED LALU

પ્રવર્તન નિદેશાલય- EDએ “નોકરી માટે જમીન” મની લોન્ડરિંગ કેસમાં રાષ્ટ્રીય જનતા દળ- આરજેડી પ્રમુખ અને બિહારના ભૂતપૂર્વ

મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવને આવતીકાલે પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું છે.

પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડી નેતા રાબડી દેવી આ કેસમાં પોતાનું નિવેદન નોંધાવવા પટના ED કચેરી પહોંચી ચૂક્યાં છે. આ ઉપરાંત, EDએ RJD વડાના મોટા પુત્ર તેજપ્રતાપ યાદવને પણ આ જ મામલે આજે તપાસ ટીમ સમક્ષ હાજર થવા સમન્સ પાઠવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## PRALHAD JOSHI - NAGPUR VIOLENCE

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ કહ્યું, મહારાષ્ટ્ર સરકાર નાગપુર હિંસામાં સામેલ લોકો સામે કાર્યવાહી કરશે. સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા શ્રી જોષીએ કહ્યું કે, રાજ્ય સરકાર પરિસ્થિતિને કાર્યક્ષમ રીતે સંભાળી રહી છે.

આ હિંસા અંગે થાણેથી શિવસેના શિંદેના સાંસદ નરેશ મ્હસ્કેએ આ ઘટના પાછળ વિપક્ષ દ્વારા રચાયેલું કાવતરું હોવાનો આરોપ લગાવ્યો છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે તપાસમાં બહાર આવ્યું છે કે, બહારના લોકોએ આ હિંસા ફેલાવી હતી.

**(બાઈટ – સાંસદ નરેશ મ્હસ્કે)**

દરમિયાન કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ નવી દિલ્હીમાં મીડિયાને જણાવ્યું કે, નાગપુરમાં શાંતિ હોવી જોઈએ અને દોષિતોને સજા મળવી જોઈએ.

## GABBARD - BANGLADESH

અમેરિકાની ગુપ્તચર સંસ્થાનાં વડાં તુલસી ગબાર્ડે જણાવ્યું કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત દેશમાં ધાર્મિક લઘુમતીઓ પર સતત થઈ રહેલા અત્યાચાર અંગે અમેરિકા ખૂબ ચિંતિત છે. એક ખાનગી ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં, શ્રીમતિ ગબાર્ડે બાંગ્લાદેશની કથળતી પરિસ્થિતિની

ટીકા કરી અને ઉગ્રવાદી દળો તેમજ ઇસ્લામિક આતંકવાદનો સામનો કરવા ટ્રમ્પ વહીવટી તંત્રના મક્કમ સંકલ્પ પર પ્રકાશ પાડ્યો.

## ISREAL AIR STRIKE

ગાઝા પટ્ટી પર ઇઝરાયલી હવાઈ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત 200 થી વધુ પેલેસ્ટિનિયનોના મોત થયા છે.

ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ વાટાઘાટો તૂટી પડ્યા બાદ આ નવેસરથી હુમલો કરવામાં આવ્યો છે, જે યુદ્ધવિરામના આગામી તબક્કાની શરતો અંગે મતભેદોને કારણે નિષ્ફળ ગઈ હતી.

ઇઝરાયલી સંરક્ષણ દળો (IDF) એ ઇઝરાયલી સુરક્ષા એજન્સી (ISA) સાથે સંકલનમાં હુમલાઓની પુષ્ટિ કરી, અને કહ્યું કે તેઓએ હમાસના માળખાકીય સુવિધાઓ અને કાર્યકરોને નિશાન બનાવ્યા હતા.

7 ઓક્ટોબર, 2023 ના રોજ ગાઝામાં સંઘર્ષ ફાટી નીકળ્યો, જ્યારે હમાસે દક્ષિણ ઇઝરાયલમાં સરહદ પારથી હુમલો કર્યો, જેમાં લગભગ 1,200 લોકો માર્યા ગયા, જેમાં મોટાભાગના નાગરિકો હતા અને 251ને બંધકો બનાવાયા હતા.. આ દિવસથી , ઇઝરાયલે હમાસ સામે અવિરત લશ્કરી અભિયાન ચલાવ્યું છે.

## REV. NASA - ISS RETURN

અમેરિકાના નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન, NASAએ જાહેરાત કરી કે, અવકાશયાત્રીઓ બુચ વિલ્મોર અને સુનિતા

વિલિયમ્સ આજે રાત્રે પૃથ્વી પર પાછા ફરશે. નવ મહિનાથી વધુ સમયથી આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ફસાયેલાં આ બંને અવકાશયાત્રીઓને લઈને ડ્રેગન અવકાશયાન આવતીકાલે સવારે ત્રણ વાગ્યાને 27 મિનિટે પૃથ્વી પર ઉતરશે.

એક સત્તાવાર નિવેદનમાં, અવકાશ સંસ્થાએ જણાવ્યું, આંતર-રાષ્ટ્રીય અવકાશમથકથી ક્રૂ-9 મિશનના પરત ફરવા પરિસ્થિતિઓ અનુકૂળ છે.

## KABADDI WORLD CUP

કબડ્ડી વિશ્વકપ 2025માં, ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમ આજે સાંજે ઇંગ્લેન્ડના વોલ્વર-હેમ્પ્ટનમાં રમશે. મહિલા ટીમ ભારતીય સમય મુજબ સાંજે સાડા પાંચ વાગે ગૃપ D-માં વેલ્સ સામે રમશે. જ્યારે પુરુષોની ટીમ ભારતીય સમય મુજબ રાત્રે સાડા દસ વાગ્યે ગૃપ B-માં સ્કોટલેન્ડ સામે રમશે.

ગઈકાલથી શરૂ થયેલા કબડ્ડી વિશ્વકપમાં ભારતીય પુરુષ ટીમે ઇટાલીને 64-22થી હરાવીને વિજયી પ્રારંભ કર્યો હતો. અગાઉ, ઉદ્ઘાટન મેચમાં, યજમાન ઇંગ્લેન્ડે હંગેરીને 101-25થી હરાવ્યું હતું.

ભારતે પુરુષ અને મહિલા બંને વિભાગમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે ટુર્નામેન્ટમાં પ્રવેશ કર્યો છે. પુરુષોની સ્પર્ધામાં, 10 ટીમને ગ્રુપ- A અને Bમાં વહેંચવામાં આવી છે. ભારત ઇટાલી, સ્કોટલેન્ડ, વેલ્સ અને હોંગકોંગ સાથે ગૃપ Bમાં છે.

# REV STOCKS

ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ સર્જાયો છે. વૈશ્વિક બજારોમાં સકારાત્મક વલણ અને બેંક શેરોમાં ખરીદીને કારણે સવારના ટ્રેડિંગ દરમિયાન BSE બેન્ચમાર્ક સૂચકાંક સેન્સેક્સ 900 પોઈન્ટથી વધુ ઉછળીને 75,000 ની સપાટીને પાર કરી ગયો હતો.. NSE નિફ્ટી પણ 265 પોઈન્ટ વધીને 22 હજાર 700ની સપાટીને આંબી ગયો હતો.